## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મેં, તમારી સ્માર્ટ છોકરી સાથે આ ડોબાને પરણાવવાનું નક્કી કર્યું છે... મે શિક્ષણવિદ્ તરીકે ઓફિસમાં આવો જ નિર્મય લીધો બધી સરકારી સ્કૂલ સ્માર્ટ લોકોને આપી દીધી...!!

# ગાંધીનગર ડેપોને નવી ૧૫ બસો ફળવાશે

## બરોડાના રૂટમાં સલામત સવારીના રૂટ વધારાશે : એસ.ટી. ડેપો દ્વારા શહેરી સર્વિસના રૂટમાં પણ નવી બસો દોડાવાશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર એસ ટી ડેપોને ૧૫ નવી બસો ફાળવવામાં આવશે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાતો થાય છે. ત્યારે અગાઉ એસ ટી માં તબક્કાવાર મોટાભાગની નવી બસો ફાળવવામાં આવી હતી. જયારે હજુ ડેપોના ફાળે નવી ૧૫ બસો આવશે. જો કે બરોડા રૂટની બસમાં ટ્રાફિક વધુ રહેતો હોવાથી મુસાફરોની માંગણીને ધ્યાને લઈ ડેપો તંત્ર દ્વારા આ રૂટમાં વધુ બસો દોડાવાશે.

શહેર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાતો થાય છે. ત્યારે એસ ટી તંત્રને મોટાભાગની નવી બસો ફાળવવામાં આવી છે. હાલમાં ડેપોમાં કિલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસો જોવા મળતી નથી.




આગામી દિવસોમાં એસ ટી ડેપોને નવી ૧૫ બસો ફાળવવામાં આવશે આ નવી બસો બરોડ રૂટ ઉપરાંત શહેરી સર્વિસ માટે દોડાવાશે. એસ ટી ડેપાને મોડેલ ડેપો બનાવાની વાતોના અંતે પણ ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાના નામે મીંડુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે લાંબા સમયના અંતે પણ પોલીસ ચોકીનુ પણ હજુ ઠેકાણુ પડયુ નથી. ડેપોને અગાઉ તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવતા એસ ટી ની બસોમાં બ્રેક ડાઉનના કિસ્સાઓ પણ પ્રમાણમાં ઘટયા હોવાનુ મનાઈ રહયુ છે. ત્યારે હજુ પણ ડેપોને નવી બસો મળશે છેલ્લા કેટલાક સમયથી બરોડા રૂટમાં ટ્રાફિક વધુ રહેતો હોવાથી નવા રૂટની બસો શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે ડેપો દ્વારા કેટલીક નવી બસો શહેરી સર્વિસના રૂટમાં પણ દોડાવાશે.

## ખૂણે ખાંચરેથી...

● સહયોગ સંકુલમાં ઘુસી આવેલા વાનરોએ ૧૫થી પણ વધુ વાહનો પાડી નાંખતા કર્મચારીઓના વાહનોને નુકશાન થયુ હતુ.

● ન્યુ સચિવાલય ક્રેડીટ સોસાયટીની ચૂંટણીમાં ઉમેદવારોને ક્યાંય પણ પત્રિકાઓ ચોંટાડી દિવાલો નહિ બગાડવાની કડક સૂચના ચૂંટણી અધિકારીએ આપી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રામાજી ઠાકોર આજે એક દિવસ માટે દિલ્હી પહોંચ્યા છે. તેમની સાથે જિલ્લાના નેતાઓ પણ છે.

● કુપોષણ મુક્તિ અભિયાનને લઈ આજે રાજ્યના આરોગ્ય તંત્રએ વિડીયો કોન્ફરન્સ કરી ૧૫ ઓગષ્ટ સુધીમાં અભિયાન સંપન્ન થાય તે જોવા કડક તાકીદ કરાઈ છે.

● ગાંધીનગર જિલ્લાના પોલીસવડાએ સચિવાલયના પ્રવેશદ્વારો અને સલામતીની વ્યવસ્થા અંગે જાત મુલાકાત લઈ સમીક્ષા કરી છે.

● ગાંધીનગરમાં ગરમીનો પારો હજુ પણ ૪૦થી નીચે આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જો કે પવનને કારણે વારંવાર ઉભી થતા આંધીને લઈ પણ લોકો પરેશાન છે.

● ગાંધીનગર મહાનગર પાલિકામાં ડમી ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવનાર જાગૃતિબેન પુરોહિતને પણ ચૂંટણી ખર્ચના હિસાબો રજુ નહિ કરવા માટેની નોટીસ અપાતાં રાજકીય વિવાદ ઉભો થવા પામ્યો છે.

# સે. ૧૩ અને સે. ૨૪માંથી બે સગીરાઓના અપહરણ

## બંને અપહરણના કિસ્સામાં પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે રહેતી ૧૭ વર્ષીય સગીરાને ત્યાંનો જ એક પડોશી યુવાન ભગાડીને અપહરણ કરી ગયો હોવાની ઘટના બનવા પામી છે. આ મામલે સગીરાના વાલીની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ સે. ૨૪માં રહેતી ૧૬ વર્ષની કિશોરીને કોઈ અજાણ્યો શખ્સ ઉપાડી ગયો હોવા અંગે અપહરણની ફરીયાદ સે. ૨૧ પોલીસમથકમાં નોંધાવવા પામી છે. આ બંને કિસ્સામાં પોલીસે ગુના નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

# ફતેપુરામાં પ્રવેશોત્સવનો વિરોધ કરતા ગ્રામજનો

## કોંગી કાઉન્સીલર રમીલાબેન વાઘેલાની દરમિયાનગીરી અને વાડીભાઈ પટેલની ખાતરી બાદ પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના ફતેપુરા ખાતે આજે પ્રવેશોત્સવ કાર્યક્રમનો વિરોધ ગ્રામજનોએ કરી અને શિક્ષકોની ઘટ પુરવા માટે તંત્રની ઉદાસીનતા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

આજે ફતેપુરા ખાતે ગુજરાત હાઉસીંગ સોસાયટી બેંકર્સના ચેરમેન વાડીભાઈ પટેલ પ્રવેશોત્સવ માટે ફતેપુરા પહોંચ્યા ત્યારે ગ્રામજનોએ શાળાના દરવાજે તાળુ મારી અને તેમની સામે ઉગ્ર રજુઆતો કરી હતી.

વાડીભાઈ પટેલે આ મુદ્દે સરકારમાં યોગ્ય રજુઆતની ખાત્રી આપી હતી. ગ્રામજનોના રોષને થાળે પાડવા કાઉન્સીલર રમીલાબેન વાઘેલા, કોંગી અગ્રણી પ્રદીપસિંહ વાઘેલા અને અન્ય આગેવાનો ગયા હતા તેમણે દરમ્યાનગીરી કરી બાળકોના પ્રશ્નને વાડીભાઈએ આપેલી ખાત્રીને સ્વીકારી લેવા જણાવ્યુ હતુ. ગાંધીનગર શહેરના સીમાડે આવેલ ફતેપુરાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટને લઈ બે વર્ષથી રજુઆત પછી પણ ઉકેલ ન આવ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

ગામના આગેવાનોએ એકસૂરે બાળકોને તથા ગ્રામજનોના પ્રશ્નો માટે સત્તાવાળાઓ જે ઓરમાયુ વર્તન દાખવી રહ્યા છે તેને વ્યક્ત કર્યો હતો.

# આજે મુખ્યમંત્રી ખેડબ્રહ્મામાં

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ શુક્રવાર તા. ૧૭મી જૂને બપોરે ૩ કલાકે સાબરકાંઠાના ખેડબ્રહમા ખાતે મોડેલ રેસીન્ડેશ્યલ સ્કુલ અને કન્યા સાક્ષરતા નિવાસી શાળાના લોકાર્પણ કરશે.

ગુજરાત સરકારની સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ સ્કુલના નવા મકાન સાથે છાત્રાલય, કર્મયોગી આવાસ અને ભોજનાલયના સંકુલો કુલ રૂ. ૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ૧૦૨૦ આદિજાતિ વિદ્યાથીઓ-વિદ્યાથીનીઓને અભ્યાસ-આવાસની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ કરાવતા આ અદ્યતન સંકુલનો કરવાના છે.

# હાર્દિક પટેલના માતા-પિતાને દિવસભર નજરકેદ કરવા અત્યંત શરમજનક : આપ

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વિરામગામ ખાતે પ્રવેશોત્સવમાં આજ રોજ હાજર રહ્યા હતા. પ્રવેશઉત્સવમાં સરકાર દ્વારા હાર્દિક પટેલના મિત્રની પણ રાતના અટકાયત કરવામાં આવી હતી. આમ આદમી પાટી સરકારને પૂછવા માંગે છે કે હાર્દિક સાબિત કરે છે કે સરકારની કાર્યપ્રણાલી અંગ્રેજો જેવી છે અને ભારતીય જનતા પાટી લોકશાહીમાં માનતી નથી. પોતાની નીતિઓનો



મુખ્યમંત્રીનો વિરોધ ના થાય અને પોતાનું રાજકારણ સચવાઈ રહે તે માટે સરકર દ્વારા હાર્દિક પટેલના માતા પિતાને આશરે ૨૪કલાક માટે નજરકેદ રાખવામાં આવ્યા હતા. એટલુજ નહિ તેમના પરિવાર જનોને ખાવા માટે શાકભાજી લેવા જવાની પણ છુટ આપવામાં આવી ના હતી જે લોકશાહી માટે અત્યંત શરમજનક વાત છે. એટલુજ નહિ પોતાનો વિરોધ ન થાય તે માટે પટેલના પરિવારજનો સામે આ તમામ પગલા સરકાર શા માટે લઈ રહી છે ?

હાર્દિકના માતા પિતાએ કયો ગુનો કર્યો છે કે તેમને આ પ્રકારે નજરકેદ કરવામાં આવે છે? પોતાના સમાજ માટે અવાજ ઉઠાવનાર યુવાનને જેલમાં નાખી તેના માતા પિતા સાથે કરવામાં આવી રહેલું આ પ્રકારનું વર્તન અત્યંત દુખદ અને શરમ જનક છે. આ સમગ્ર ઘટના ,કૌભાંડોનો ,કુસાશનનો વિરોધ કરી રહેલા તમામ લોકો પર આઈ.બી દ્વારા નજર રાખવી,વિરોધ કરી રહેલા લોકો પર ખોટા ગુના નોંધવા, લોકોને નજરકેદ રાખવા આ પ્રકારે લોકોનો અવાજ રૂંધવામાં પોતાનો સંપૂર્ણ સમય આપી રહેલી ભાજપ સરકાર થોડો સમય જનહિતના કાર્યોમાં આપે તો આ પ્રકારના ખોટા કામો ન કરવા પડે એમ આમ આદમી પાટી માને છે.

# આજે માણસામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું લોકાર્પણ યોજાશે

## ૧૦૦ બેડની હોસ્પિટલમાં ૩ ઓપરેશન ટિયેટરની સુવિધા છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની પ્રથમ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ માણસાનું આજે રાજ્યના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે સાંજે પાંચ વાગે લોકાર્પણ કરવામાં આવશે. ૧૦૦ બેડ ધરાવતી આ હોસ્પિટલનું મકાન રૂ. ૬ કરોડથી પણ વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ત્રણ અદ્યતન ઓપરેશન થિયેટરની પણ વિશેષ સુવિધા છે.

મળતી વિગતો પ્રમાણે આ વર્ષના અંત સુધીમાં આ હોસ્પિટલમાં હીમો ડાયાલીસીસ સેન્ટર પણ શરૂ કરવાનું આયોજન છે. આ માટે કિડની ઈન્સ્ટીટ્યુટ સાથે વાતચીતો તેના અંતિમ તબક્કામાં છે.

ગાંધીનગર જિલ્લામાં સિવિલ હોસ્પિટલ જે ગાંધીનગર ખાતે હતી તેનું સંચાલન મેડીકલ કોલેજ હસ્તક મુકાતાં માણસામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવાવનું આયોજન સરકારે હાથ ધર્યું હતું.

બે વર્ષના ટુંકા ગાળામાં આ હોસ્પિટલના સંકુલનું નિર્માણ કાર્ય પૂર્ણ થયુ છે. બે મજલા ધરાવતી આ હોસ્પિટલમાં નર્સિંગ કોલેજ પણ ચાલુ કરવાનું આયોજન હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. જો કે આ માટે બે વર્ષ જેટલો સમયગાળો લાગશે. જિલ્લાની આ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં હાલ ૧૫ થી વધુ તબીબી અધિકારીઓને નિમણુંક આપવામાં આવી છે. જેમાં ૮ જેટલા નિષ્ણાંત તબીબી અધિકારીઓ છે. આ હોસ્પિટલમાં અદ્યતન લેબોરેટરી, પી.એમ. માટે અલાયદો રૂમ તેમજ સ્ટાફ ક્વાટર્સ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની નજીક આ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બની હોવાથી જિલ્લામાં આરોગ્ય સેવાઓ વધુ સઘન બનશે.

# રાજયનો સહકારી ખાંડ ઉદ્યોગ યોગ દિવસની ઉજવણી કરશે

ગાંધીનગર, તા.૧૬

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા.૨૧મી જૂનનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવા કરેલી અપીલને વિશ્વએ સ્વીકારી છે. ગુજરાતમાં પણ રાજય સરકાર, વિવિધ સંગઠનો, સંસ્થાઓ યોગદિનની ઉજવણી કરવા ઉત્સાહભેર તૈયારીઓ કરી રહી છે. ત્યારે ગતરોજ ખાંડ ઉદ્યોગ સંઘના બોર્ડ ઓફ ડિરેકટર્સની મળેલી બેઠકમાં ખાંડ મંડળીઓના કંમ્પાઉન્ડમાં યોગ દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજવા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે.

યોગ એ લગભગ ૫૦૦૦ વર્ષ જુની પરંપરાની બહુમૂલ્ય ભેટ છે. જે મન અને તનને તેમજ વિચારો અને કૃતિને એકત્રિત અને સ્વસ્થ રાખે છે. એ માત્ર વ્યાયામ નથી, પરંતુ તે પોતાની જાતને વૈશ્વિક સ્તરે અને પ્રકૃતિ સાથે તાદાત્મય કેળવવા ઉપયોગી નીવડે છે.

શારીરીક અને માનસિક ક્ષમતા વધારવાની સાથે સામાર્થ્ય પ્રદાન કરવાની પધ્ધતિ છે. જેને અનુલક્ષી ૨૧મી જૂનના રોજ યોગ દિવસની ઉજવણીમાં રાજયની ખાંડ મંડળીઓ પણ જોડાશે. ખાંડ મંડળીના બોર્ડના તમામ સભ્યો, અધિકારીઓ, કર્મચારીઓ કામદારો અને સર્વેના પરિવારો યોગ દિનમાં ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કર્યો છે. ખાંડ મંડળીમાં યોગ દિનની ઉજવણીના કાર્યક્રમની વિગત સંઘને મોકલી આપવા સંઘના પ્રમુખ માનસિંહભાઈ પટેલે જણાવ્યું છે.

# ભાજપની પ્રદેશ કારોબારી બેઠક ૨૨મીએ મહેસાણામાં

ગાંધીનગર, તા. ૧૬

પ્રદેશ ભાજપની આગામી ૨૨ અને ૨૩ જૂનના રોજ મળનારી પ્રદેશ કારોબારી બેઠકમાં રાજકીય પ્રસ્તાવ ઉપરાંત અભિનંદન પ્રસ્તાવ મુકવામાં આવશે. તેમજ ૨૦૧૭માં યોજાનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીની તૈયારી અંગેના કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

મહેસાણા ખાતે આગામી ૨૨ અને ૨૩મી જૂનના રોજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળનારી પ્રદેશ કારોબારી બેઠકમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશ શર્મા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલા, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષજીની ઉપસ્થિતિમાં ગુજરાતના કુલ ૪૭૫થી વધુ કાર્યકર્તાઓ આ કારોબારીમાં ઉપસ્થિત રહેશે.

# વિસનગરમાં બાવીસી ગોળ વણકર સમાજના વડીલોનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

વિસનગરના શ્રી બાવીસી વણકર સમાજ ટ્રસ્ટ આયોજીત વડીલ વંદના સન્માન સમારંભ ૧૯ જૂનને રવિવારના રોજ સવારે ૯ કલાકે ગોવિંદ ચકલા પટેલવાડી સવાલા દરવાજા પાસે વિસનગર ખાતે યોજાશે. જેમાં વણકર સમાજના નિવૃત્ત કર્મચારીઓ અધિકારીઓને સન્માનિત કરવામાં આવશે.

આ વડિલ વંદના સમારંભ પૂર્વ કલેક્ટર ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષપદે યોજાશે. સમારંભમાં વિશિષ્ટ મહાનુભવ તરીકે પૂર્વ કલેક્ટર કાનજીભાઈ ચૌહાણ, ઉદ્ઘાટક તરીકે ગણપતભાઈ પરમાર તથા કે.ડી. વિહોલ, ડૉ. અરૂણ રાજપૂત, ત્રિકમલાલ રાઠોડ, કરશનભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ લેઉવા, ડાહ્યાભાઈ પરમાર, પ્રફુલ્લભાઈ વાઘેલા અને જશવંતભાઈ ચાવડા સહિત સમાજના અનેક આગેવાન ઉપસ્થિત રહેશે.

# સિવિલમાંથી રોજનો ૧૫૦ કિલોથી વધુ બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ થાય છે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજનો અંદાજે ૧૫૦ થી ૨૦૦ કિલો બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ થાય છે. પહેલા માત્ર ત્રણ માળની હોસ્પિટલ હતી ત્યારે બાયો મેડીકલ વેસ્ટનો નીકાલ થતો હતો તેની જગ્યાએ બે ગણો વધારો થવા પામ્યો છે. વિવિધ કલર કોડના ડસ્ટબીનમાં જ કચરાનો નિકાલ કરવામાં આવે છે.હોસ્પિટલ તંત્ર દ્વારા બાયો મેડીકલ વેસ્ટને લઈ ખુબ સાવચેતી રાખવામાં આવે છે. સિવિલમાંથી નીકળેલા બાયો મેડીકલ વેસ્ટને ખાનગી એજન્સી દ્વારા યોગ્ય નિકાલ અર્થે લઈ જવાય છે.

જી એ મ ઈ આ ર એ સ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. સિવિલ તંત્ર દ્વારા પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર નવી બિલ્ડીંગ તૈયાર કરાઈ છે. ગાંધીનગર શહેર અને જિલ્લા સહિત આસપાસના વિસ્તારમાંથી મોટીસંખ્યામાં વિવિધ રોગના દર્દીઓ સારવાર અર્થે આવે છે. દર્દીઓથી ઓપીડી અને તાત્કાલીક વિભાગ સતત ધમધમતો રહે છે. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ સિવિલમાં આવતા વિવિધ પ્રકારના દર્દીઓને પગલે હોસ્પિટલમાંથી મોટીમાત્રામાં બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે. જયારે પહેલા ત્રણ માળની હતી ત્યારે જે બાયોમેડીકલ વેસ્ટનો નીકાલ થતો હતો તેના બદલે બે ગણો વધારો થવા પામ્યો છે.




હોસ્પિટલમાં વિવિધ વોર્ડ તેમજ ઓપીડી વિભાગમાં મુકવામાં આવેલા રેડ ડસ્ટબીનમાં પ્લાસ્ટીક વેસ્ટ, પ્લાસ્ટીક ગ્લોવ્ઝ અને પ્લાસ્ટીકની સીરીંજ ,તેમજ ડ્રેસીંગ મટીરીયલ, માનવ શરીર અંગો, પ્લાસ્ટર કાસ્ટ માટે પીળા ડસ્ટબીનનો ઉપયોગ જયારે બ્લયુ ડસ્ટબીનમા ંનીડલ, બ્લેડ અને ધારદાર વસ્તુનો અને ગ્રીન ડસ્ટબીનમાં વધેલો ખોરાક, એંઠવાડ, કાગળ સુકો કચરાનો નિકાલ કરવામાં આવે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી રોજનો અંદાજે ૧૫૦ થી ૨૦૦ કિલો બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે.

બાયો મેડીકલ વેસ્ટના નિકાલ માટે ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. જે કચરાને લઈ જઈ યોગ્ય રીતે નષ્ટ કરે છે. જયારે સિવિલ તંત્ર દ્વારા પણ બાયો મેડીકલ વેસ્ટને લઈ ખુબ સાવચેતી રાખવામાં આવે છે.

# પ્રવેશોત્સવને તાયફા કહેવું એ બાળકો અને વાલીઓનું અપમાન છે : ભરત પંડ્યા

ગાંધીનગર, તા. ૧૬

વિપક્ષના નેતાએ શિક્ષણ સંદર્ભે કરેલ આક્ષેપોનો પ્રત્યાઘાત આપતાં ભાજપનાં પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે પ્રવેશોત્સવને તાયફા કહેવું એ બાળકો અને વાલીઓનું અપમાન છે. માત્ર મતોના રાજાકરણથી રાજકીય નિવેદનો અને વિવાદો કરવા એ કોંગ્રેસની મતલક્ષી નબળી માનસિકતા છે. કોંગ્રેસના સમયમાં કોંગ્રેસના નેતાઓ ક્યારેય પ્રજાના કામ માટે, સેવા માટે, પ્રજાની વચ્ચે રહેતા ન હતા પરંતુ ભાજપ સરકાર આવ્યા પછી ચૂંટાયેલ પ્રતિનિધિઓ અને સંગઠનના પદાધિકારીઓ વિકાસ કાર્યો અને સામાજીક સેવાના કામો સાથે પ્રજાની વચ્ચે રહે છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલથી માંડીને મંત્રીઓ, ધારાસભ્યો, સરકારી અધિકારીઓ, આટલી ગરમીમાં ગામડાઓમાં જઈને ગરીબ, મધ્યમવર્ગના બાળકોને ભણાવવા પ્રોત્સાહન આપવા પ્રમાણિક પ્રયાસ કરતી હોય ત્યારે કોંગ્રેસના નેતાઓ ભલે પોતે આ રીતે બાળકોને ભણાવવાના આ પવિત્ર કાર્યમાં ન જોડાય પણ ટીકા કરવાનું તો બંધ કરે. કોંગ્રેસને માત્ર મતનું રાજકારણ દેખાતુ હોય છે. તેથી કોંગ્રેસને બાળકો મતદાર નથી એટલે તે ક્યાં મત આપવાના છે તેમ માનીને કદાચ પ્રવેશોત્સવમાં નહિ જોડાતા હોય પરંતુ રાજકારણ અને ચૂંટણી સિવાય પણ અનેક કામો સામાજીક રીતે, સેવાકીય રીતે, રાજનૈતિક પાર્ટીઓના દરેક કાર્યકર્તાઓની ફરજ છે. આ પ્રવેશોત્સવ મત માટે નહિ પરંતુ પોતાના બાળકો ભણાવવાનું વાતાવરણ માટે લોકોનું મન બને તે જરૂરી છે.